**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૭૦ ટકા

# ચ માર્ગ પર ટાઉનહોલના વળાંક પાસે અકસ્માત



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર ગુરુવારના રોજ રાત્રીના ૯ વાગ્યાના અરસામાં કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ટાઉનહોલ કટ પાસે એસેન્ટ કારની અડફેટે જુના સચિવાલય ખાતે સમાજ કલ્યાણ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીનું મૃત્યુ નિપજ્યું છે. બનાવ અંગે મૃતકના દિકરાની ફરીયાદ લઈ પોલીસે ફરાર કાર ચાલકને પકડવા માટે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ જુના સચિવાલય બ્લોક નં.૪ ખાતે સમાજ કલ્યાણ વિભાગમાં ફરજ બજાવતા ગુણવંતભાઈ મકવાણા (ઉં.વ.૫૪) ગુરુવારના રોજ રાત્રીના૯ વાગ્યાના અરસામાં ચ માર્ગ પર બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા તે સમયે સે-૧૭ ટાઉનહોલ કટ પાસે અકસ્માત સર્જાયો હતો. મુળ રાયસણના અને સેકટર-૭ જ -૨ ટાઈપ બ્લોક નં.૧૫૬-૫ ખાતે રહેતા ગુણવંતભાઈ પર ફોન આવતા તેઓ પોતાનું પલ્સર બાઈક લઈને ઘરેથી નીકળ્યા હતા. રાત્રીના ૯ વાગ્યાના અરસામાં ચ-૫ થી ચ-૨ તરફ આવી રહેલી કારે ટાઉનહોલ પાસેના કટ પર બેફામ ગતિએ આવેલી કારે બાઈકને ટક્કર મારી હતી. જેમાં માર્ગ પર પટકાયેલા ગુણવંતભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેથી તેમનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયું હતું. અકસ્માત બાદ એસેન્ટ કારનં. જી.જે.૧૮.બી.એફ.-૩૭૦૦ નો ચાલક કાર મુકીને ફરાર થઈ ગયો હતો. જેને પગલે મૃતકના દિકરા દિવ્યાંગકુમાર મકવાણાની ફરીયાદ લઈ આરોપી કાર ચાલક ને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.



## બોરીજ ગામે કૌટુંબિક ભાઈઓ વચ્ચે ઘરની જગ્યા માટે મારામારી

ગાંધીનગર, તા.૨૨

બોરીજ ગામે ઘરની જગ્યા માટે કૌટુંબિક ભાઈઓ વચ્ચે મારામારીની ઘટના સામે આવી છે. જેમાં બોરીજના આધેડે કાકાના ત્રણ દિકરા અને પુત્રવધુ મળી ચાર સભ્યો સામે ફરીયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ બોરીજના ખાંટવાસમાં રહેતા અને પોલીસ ભવન ખાતે બગીચામાં નોકરી કરતા બાબુજી ભવાનજી ઠાકોર (ઉં.વ.૪૫) એ નોંધાવેલી ફરીયાદ મુજબ તેમના ઘરની બાજુમાં તેમના કાકા શંકરાજી ના ત્રણ દિકરા કનુજી, પરબતજી અને પોપટજી રહે છે. ગુરુવારના રોજ સાંજના સુમારે તેઓ ઘરે હતા. તે સમયે શિલ્પાબેન પરબતજી ઠાકોર ઘરની બાજુમાંથી નીકળ્યા હતા. આ જગ્યા અમારી છે તમારે અહીં રહેવાનું નથી કહી જેમ પાવે તેમ બોલતા હતા. જેમને ઠપકો આપતા કાકાના ત્રણેય દિકરા આવી ગયા હતા અને બિભત્સ ગાળો બોલી માર માર્યો હતો. જેમાં કનુજીએ ધોકાથી હુમલો કર્યો હતો. જેથી ફરીયાદીના પત્ની લીલાબેન અને દીકરી સુનીએ વચ્ચે પડી તેમને છોડાવ્યા હતા. જો કે જતા જતા ત્રણે ભાઈઓએ તેમને જાનથી મારી નાંખવાની ધમકી અપી હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ત્રણેય ભાઈઓ અને મહિલા સહિત ચાર સામે ફરીયાદ નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલ્ફેર અસોસિએશનના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૨૨

મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશનની કારોબારી કમિટીની બેઠક તાજેતરમાં મળી હતી. જેમાં આવનાર ત્રણ વર્ષ માટે પ્રમુખ તરીકે ઉસ્માખાન યુ. રાઠોડ, ઉપપ્રમુખ એન.યુ. કાગદી, જનરલ સેક્રેટરી એમ.એ. સાબુવાલા, જોઈન્ટ સેક્રેટરી મોહંમદઈરફાન એચ. સૈયદ, ખજાનચી તરીકે રોશનશા ફકીર તથા નાયબ ખજાનચી તરીકે દિલશાદ એ. શેખ, આંતરીક ઓડિટર યુનુસસલીમ સૈયદ, આઈ.એન. સૈયદ તથા એ.એમ. કાદરી ટ્રસ્ટી તથા કન્વીનર તરીકે જીલાની આર. સૈયદની વરણી કરવામાં આવી છે.

## સ્ટેટ બૅન્ક ઈન્સ્ટિટયૂટ ઓફ લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા 'કસ્ટમર કનેકટ' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

સ્ટેટ બૅન્ક ઈન્સ્ટિટયૂટ ઓફ લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ (એસબીઆઈએલડી), ગાંધીનગર દ્વારા ૧૫ નવેમ્બરના રોજ એસબીઆઈ બૅન્ક સાથે વેતન જમા કરાવાનું ટાઈ-અપ ધરાવતી સંસ્થાઓ માટે ''કસ્ટમર કનેક્ટ'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત સરકાર, કેન્દ્ર સરકાર, ડિફેન્સ તથા ખાનગી કંપનીઓના નિર્દેશકો અને અધિકારીઓ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમનું ઉદઘાટન એસબીઆઈ, નેટવર્ક-૧ના જનરલ મેનેજર રમેશકુમાર અગ્રવાલે કર્યું હતું. તેમણે જણાવ્યુ હતું કે કાર્યક્રમનો હેતુ ગ્રાહક અને બૅન્ક વચ્ચેનો સંબંધ વધુ મજબૂત થાય તે માટેનો છે. સાથે સાથે બૅન્ક તરફથી કઈ કઈ સુવિધાઓ આપવામાં આવે છે તેની જાણકારી માટેનો પણ છે.




આ કાર્યક્રમમાં એસબીઆઈ બૅન્કના કોર્પોરેટ સેલરી પેકેજ (સીએસપી) પ્રોડકટના લાભો અને બેંકની ડિજિટલ બૅન્કિંગ એપ્લિકેશન ''યોનો'' વિષે વીગતવાર માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીઓનું સ્વાગત વિનોદ અમલાણી, ડિરેકટર અને આસિસ્ટન્ટ જનરલ મેનેજર, એસબીઆઈએલડી, ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી સ્કંદકુમારે કર્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં એસબીઆઈએલડી ગાંધીનગરના હિતેશ દવે, દીપક ગહલોત, મનોજ કુમાર, વિક્રમ શાહ, વિનય કુમાર, સંજય વર્મા, શાલિની સિંઘ, એકતા પારેખ, અમિત મહેરિયા અને મહેશ રામીએ પણ ઘણી જહેમત ઉઠાવી હતી. સહભાગીઓ દ્વારા પણ આ કાર્યક્રમના વિચાર અનેઆયોજનને બિરદાવામાં આવ્યુંહતું.





શહેરના સે-30 ખાતે મુક્તિધામ સંકુલમાં એક ઝેરી કોબ્રા નાગ આવી ચઢયો હતો જને મુક્તિધામના સ્ટાફ દ્વારા સલામત રીતે રેસ્કયુ કરીને કુદરતી જંગલમાં છોડી દેવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે બાગ-બગીચા, વનરાજીથી ભરપૂર અને નદી કિનારે સ્થિત મુક્તિધામ સંકુલમાં અવારનવાર ઝેરી બિનઝેરી સરિસૃપો દેખા દેતા હોય છે જેને સ્ટાફ દ્વારા રેસ્કયુ કરીને સલામત રીતે કુદરતી જંગલમાં છોડી દેવામાં આવે છે.




આંતરરાષ્ટ્રીય મેન્સ ડે નિમિત્તે દીર્ઘા મીડિયા દ્વારા સમાજની મહિલાલક્ષી પ્રવૃત્તિઓ બદલ ઉદગમ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોષીને આઈડલ મેન્સ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## બિનસચિવાલય કલાર્કની પ્રેકિટકલ પરીક્ષા માટેના કલાસીસ હાઉસફુલ

### કમ્પ્યૂટર કલાસીસમાં એડમિશન માટે વિદ્યાર્થીઓના ધક્કા

ગાંધીનગર, તા.૨૨

તાજેતરમાં યોજાયેલ ગૌણ સેવા પસંદગી મંડળ આયોજીત બિનસચિવાલય કલાર્કની પરીક્ષામાં લગભગ ૧૦ લાખથી વધુ ફોર્મ ભરાયા હતા. જેમાં ૨૦૦ માર્કસના પેપરમાં ૮૦ ગુણ લાવવાના ફરજીયાત રાખવામાં આવેલ છે ત્યારે કટ ઓફનો રેશિયો રિઝલ્ટમાં નિયમ મુજબ નક્કી થાય છે. શહેરના સરકારી પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ એકંદરે પરીક્ષા આપીને પ્રોવિઝનલ આન્સર કીની રાહ જોઈ રહ્યા હતા. થીઅરી પરીક્ષા બાદ પ્રેકિટકલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ જ ભરતી થાય છે તે પરીક્ષાનો નિયમ છે. જે સંદર્ભે પ્રોવીઝનલ આન્સર કી આવતા જ શહેરના કમ્પ્યૂટર કલાસીસમાં ભીડ જામી રહી છે.

બિનસચિવાલય કલાર્કની હાલમાં લેવાયલ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી આવ્યા બાદ શહેરના યુવાનો પ્રેકિટકલ પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા છે જે સંદર્ભે શહેરના સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કલાવતા કલાસીસમાં એડમીશન માટે લાઈન લાગી છે. એડમીશન પણ ફુલ થઈ જતા વિદ્યાર્થીઓ એડમીશન મેળવવા વિનંતી કરી રહ્યા છે. શહેરના જાણીતા સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસીસ ચલાવતા દીપ કમ્પ્યૂટર એજયુકેશનના જીતેન્દ્રસિંહ વાઘેલાના જણાવ્યા મુજબ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી આવ્યા બાદ જ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ અહીં ઈન્કવાયરી અને એડમીશન માટે આવી પહોંચ્યા હતા. એક બેચની કેપેસીટી વધીને ૩૦ વિદ્યાર્થીઓની છે તેવી દિવસની અમુક બેચ આવતા અઠવાડિયાથી શરુ કરવાના છીએ અને પ્રોવિઝનલ આન્સર કી આવ્યાના બે જ દિવસમાં અમારી બધી જ બેચ ફુલ થઈ ગઈ છે. તેમ છતાંય હજી ઈન્કવાયરી માટે વિદ્યાર્થીઓની આવનજાવન ચાલે છે. દરેકને હવે અડમીશન માટે ના પાડવી જ પડે છે. ઓળખાણથી પણ વિદ્યાર્થીઓ આવે છે પરંતુ વહેલા તે પહેલાના ધોરણે એડમિશન અપાઈ ગયા હોવાથી અમે એડમિશન આપી શકતા નથી. મારા મતે દરેક વિદ્યાર્થી અથાગ મહેનત કરશે તો પરિણામ મળશે જ.

# બ્રહ્માકુમારીઝ ગાંધીનગરનો ૪૦મો વાર્ષિકોત્સવ ઉજવાયો

### સે-૨૮ ખાતે આવેલ સેવાકેન્દ્રનો વાર્ષિકોત્સવ સમારોહ ભવ્ય શોભાયાત્રા, આતશબાજી અને તપસ્વીમૂર્ત આત્માઓના સન્માન સાથે ઉજવાયો

ગાંધીનગર, તા.૨૨

બ્રહ્માકુમારીઝ ગાંધીનગરનો ભવ્યાતિ ભવ્ય સમારોહ ૧૬ થી ૨૦ નવેમ્બર દરમિયાન યોજાયો હતો. જેમાં રોજ સાંજે 'શ્રીમદ્ ભગવદ્ ગીતાનું અદભૂત રહસ્ય' અને ૧૭થી ૨૦ નવેમ્બર દરમિયાન રોજ સવારે 'પારિવારિક શાંતિ અને પરમાત્મ અનુભૂતિ શિબિર યોજાઈ હતી. જેમાં ૨૧ નવેમ્બરના રોજ સાંજે ૪થી ૬ સન્માનિત તપસ્વીમૂર્ત આત્માઓની શોભાયાત્રાને ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર, આદરણીય ઉષા દીદીજી, કૈલાશ દીદી તથા નેહા દીદીએ લીલી ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ શોભાયાત્રા સેકટર-૨૮ના રીંગ રોડ પર ફરી હતી. જેમાં બગી, ઘોડા, ડી.જે. સાથે શોભાયાત્રા નીકળી હતી.

સમાપન સમારોહના પ્રારંભે બાળકોએ ગણેશ વંદના, ગરબો, ગાગર ડાન્સ, પંજાબી ડાન્સ, રીંગ ડાન્સ, રાજસ્થાની ડાન્સ જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. જ્યારે સમારોહમાં મંચાસિન મહેમાનોનું બ્રહ્માકુમારી બહેનો દ્વારા પુષ્પગુચ્છ, તિલક, ખેસ, માળા, મુગુટથી સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. જ્યારે ચિલોડા સેવાકેન્દ્ર સંચાલિકા બી. કે. તારાબેને શબ્દોથી અને બાળાઓ દ્વારા 'યે આંગન યે દ્વારે' ગીત પર નૃત્યથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બ્રહ્માકુમારીઝ મણિનગર સબઝોન સંચાલિકા બી.કે.નેહા દીદીએ મુખ્ય વકતા તરીકે પોતાની આગવી, સરલ અને પ્રભાવિત શૈલીમાં પ્રાસંગિક પ્રવચન આપી સૌને બ્રહ્માકુમારીઝ સંસ્થાની ગતિવિધીઓથી અવગત કરાવ્યા હતા. તેમણે બ્રહ્માકુમારીઝ ગાંધીનગર દ્વારા ૪૦ વર્ષમાં થયેલી સેવા પ્રવૃતિઓને બિરદાવી અને આ માટે ગાંધીનગર સેવા કેન્દ્રના સંચાલિકા કૈલાશ દીદીને ધન્યવાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર સમાચારના તંત્રી અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રમુખશ્રી કૃષ્ણકાન્ત જહાએ શુભકામના પાઠવતાં ગાંધીનગરમાં શાંતિ, સોહાર્દ, બહેનોની સુરક્ષા, ગુન્હાખોરી દૂર થાય તે માટે ભરપૂર પ્રયાસ કરવા હાકલ કરી હતી. જ્યારે ગાંધીનગર વોર્ડ નં.૧ ના કોર્પોરેટર હર્ષાબા ધાંધલે અને નિતીનભાઈ પટેલે શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે સૌ મંચાસિન તથા આમંત્રિત મહેમાનો દ્વારા વિશેષ કેક કટીંગ કરી રોકેટ-ફટકડાની આતશબાજી કરાઈ હતી. ત્યારબાદ સમારોહના અધ્યક્ષા મેયરશ્રી રીટાબેન પટેલે બ્રહ્માકુમારીના કાર્યને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. આદરણીય કૈલાશ દીદીજી સૌને આશીર્વચન પાઠવતાં ૪૦ વર્ષની આ અધ્યાત્મિક યાત્રામાં જોડાવવા બદલ સૌનો આભાર માન્યો હતો. આ ખાસ પ્રસંગે ગાંધીનગરના વિકાસ સાથે સતત ઓતપોત સાથી-સહયોગી એવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને અરૂણોદય ફાઉન્ડેશનના પ્રમુખ, ગુજરાત ટ્રાફિક બ્રિગેડ ટ્રસ્ટ ગાંધીનગર અને મેડિકલ કોલેજ એથિક્સ કમિટી સભ્યશ્રી અરૂણભાઈ બુચનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. અને જાણીતા ઉદ્યોગપતિ તથા રાજપૂત સમાજના અગ્રણી દિનેશસિંહ ચાવડાનું સન્માન કરાયું હતું.




આ પ્રસંગે ગાંધીનગર શહેરની વિવિધ એન.જી.ઓ/ સંસ્થાઓ જેમ કે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, રોટરી કલબ, લાયન્સ ગાંધીનગર ફોર્ટ, જ્યોતિ મહિલા મંડળ, ગોલ્ડન લેડી કલબ, રચના ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ, એમ.ડી.ઓમ એજયુકેશન ટ્રસ્ટ-મોટા ચિલોડા, અલ્પ ફાઉન્ડેશન, હિમોફિલીયા શિક્ષણ અને માહિતિ સેવા ટ્રસ્ટ ગાંધીનગર, ઈન્ડિયન લાયન એન્ડ લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર, પંચદેવ મંદિર-ગાંધીનગર, લાયોનેસ કલબ-ગાધીનગર દ્વારા સંસ્થાની સેવા પ્રવૃત્તિઓને બિરદાવી બ્રહ્માકુમારીઝ અને કૈલાશ દીદીનું મોમેન્ટો ભેટ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ સ્વર્ણિમ ઘડિયે બ્રહ્માકુમારીઝના ૫૩ તપસ્વીમૂર્ત ભાઈ-બહેનોને આદરણીય કૈલાશ દીદી, મેયર શ્રી રીટાબેન અને બી.કે. નેહા દીદીના હાથે સન્માન પત્ર, સૌગાત અને પ્રભુપ્રસાદ-ટોલી આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરના અગ્રણીઓ અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

**મરજાવા**
૧૧.૪૫, ૫.૧૫, ૧૦.૪૫
**પાગલપંતી**
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૫, ૬.૧૦, ૭.૧૦, ૯.૧૫, ૧૦.૧૫
**બાલા**
૧૦.૩૦, ૨.૩૦, ૮.૦૦
**હાઉસફૂલ-૪**
૯.૪૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૧૦, ૧.૨૦, ૭.૨૫, ૧૦.૦૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

**મરજાવા**
૯.૪૫, ૧.૪૫, ૩.૩૦, ૭.૨૫, ૧૦.૩૫
**બાલા**
૧૧.૦૦, ૪.૩૫, ૧૦.૧૫
**હાઉસફૂલ-૪**
૧૨.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૫.૧૦, ૭.૪૫, ૧૦.૨૦

**સિટી પલ્સ, કુડાસણ**

**મરજાવા**
૧૨.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
**હાઉસફુલ-૪**
૩.૪૫, ૯.૩૦
**બાલા**
૯.૪૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

## ચિરવિદાય

● સ્વ. ઠાકોર નાથુબેન માધાજી, ઉ.વ. ૧૦૦

## સિસિકાની નવેમ્બર માસની બેઠકમાં ફેરફાર

ગાંધીનગર, તા.૨૨

સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગરની નવેમ્બર માસની સભા તા. ૩૦ નવેમ્બરનો બદલે ૨૬ નવેમ્બરના રોજ સાંજે ૪.૩૦ કલાકે સે-૭-સી લેઉઆ પટેલ સમાજવાડી ખાતે યોજાશે. સંસ્થાના મંત્રી બી.ડી. શાહ દ્વારા સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા જણાવાયું છે.

## રવિવારે સમાર્ટ કીડઝનો વાર્ષિકોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં સતત ૧૮ વર્ષથી કાર્યરત સ્માર્ટ કીડઝનો ૧૯મો વાર્ષિકોત્સવ ૨૪મી નવેમ્બરના રોજ સવારે ૧૧ કલાકે ટાઉનહોલ ખાતે ઉજવાશે.

'વન્સ મોર'ના થીમ સાથે ૧૩૦ બાળકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કાર્યક્રમમાં ભાગ લેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્માર્ટ કીડઝના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કરશે. વેલકમ સ્પીચથી લઈ સાઉન્ટ, લાઈટ, ડેકોરેશન બધું જ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સંભાળવામાં આવશે. જે બાળકીઓ પહેલા ૩ વર્ષની હતી અને એન્યુઅલ પ્રેયર ડાન્સ તૈયાર કર્યો હતો અને તેઓ અત્યારે ૧૦ વર્ષની છે તેમણે અત્યારના નર્સરી કલાસની બાળકીઓ સાથે ફરી પ્રેયર ડાન્સ તૈયાર કર્યો છે. સ્માર્ટ કીડઝના આ કાર્યક્રમને માણવા સૌને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## 'ત્રિદલ'ની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૨

ત્રિદલ'ની નવેમ્બર માસની બેઠક તા. ૨૪ નવેમ્બરના રોજ સાંજે ૪.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સે-૨૧ ખાતે યોજાશે. બેઠકમાં પ્રા. ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલા દ્વારા 'કેળવે તે કેળવણી' વિષયે વાર્તાલાપ અપાશે. સભ્યો તથા ભાવકોને ઉપસ્થિત રહેવા સંસ્થા પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી દ્વારા જણાવાયું છે.